# ઊંઝા ઉમિયાધામ ખાતે લક્ષચંડી મહાયજ્ઞનો ભવ્ય પ્રારંભ

## શંકરાચાર્યનું સામૈયું કરી મહોત્સવ ખુલ્લો મુકાયો

### સરકાર દ્વારા ૬.૩૫ લાખની દવાઓ પુરી પડાઈ

ઊંઝા રોટરી ક્લબ અને એએએ ગ્રુપ દ્વારા ૧-૧ એમ્બ્યુલન્સ પુરી પાડવામાં આવી છે. ઉપરાંત ઉમિયાનગરમાં આરોગ્યની ૫ ટીમ સાથે બે મોબાઈલ વાન ખડેપગે રાખવામાં આવી છે. જેમાં એપોલો અને સીમ્સ હોસ્પિટલ દ્વારા મેડિકલ સેવા પુરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત સરકાર દ્વારા રૂ. ૬.૩૫ લાખની દવાઓ પુરી પાડવામા આવી છે.

ઊંઝા,તા.૧૮

બુધવારથી મહેસાણાના ઊંઝામાં ૮૦૦ વીઘા જેટલી વિશાળ જગ્યામાં આકાર પામેલા મા ઉમિયાના ધામમાં લક્ષચંડી મહાયજ્ઞનો ભવ્ય પ્રારંભ થઈ ગયો છે. બુધવારે ૧૦૮ જેટલા મુખ્ય યજમાનો થકી ૧૧૦૦ જેટલા ભૂદેવો થકી આ મહાયજ્ઞનો પ્રારંભ થયો છે. ભારત સહિત ૧૨૬ દેશોમાંથી અંદાજે ૫૦ લાખ જેટલા શ્રદ્ધાળુઓ ઊંઝામાં પધારશે. મહાયજ્ઞને સફળ બનાવવા માટે અલગ અલગ ૪૫ કમિટીઓની રચના કરવામાં આવી છે અને ૩૦ હજારથી વધારે સ્વયંસેવકોની ફોજ ખડે પગે છે.

બુધવારે લક્ષચંડી મહાયજ્ઞના પ્રારંભની સાથે ઊંઝામાં ૮૦૦ વીઘામાં તૈયાર કરાયેલી ઉમિયા નગરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉમિયા માતા મંદિરના પ્રમુખના હસ્તે ઉમિયા નગરીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આજે શરૂ થયેલ આ મહાયજ્ઞમાં જગતગુરૂ શંકરાચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓએ જગતગુરુ શંકરાચાર્યનું સ્વાગત કર્યું હતું. જગતગુરૂ શંકરાચાર્યનું વરઘોડા સાથે સામૈયુ કરી યજ્ઞશાળા સુધી લઈ જવાયા હતા.

ઉમિયા માતાના પ્રાંગણમાં બુધવારથી શરૂ થનારા લક્ષચંડી યજ્ઞા પહેલા ઊંઝામાં આવેલા વૈજનાથ મંદિરમાં ૧૦૮ જેટલા મુખ્ય યજમાનોની દેહ શુધ્ધી કરવામાં આવી હતી. મહાયજ્ઞામાં બેસવા માટે તેઓને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તૈયાર કરાશે. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જ્યારે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

ઊંઝામાં યોજાનાર લક્ષચંડી મહાયજ્ઞા દરમિયાન ઉમટી પડનાર શ્રધ્ધાળુઓ ઉમિયા માતાજીના દર્શન સરળતાથી કરી શકે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દૈનિક સાડા પાંચ લાખ લોકો દર્શન કરી શકશે અને દર મિનિટે ૫૦૦ જેટલા માઈભક્તો દર્શન કરે તેવું આયોજન કરાયું છે. દર્શનાર્થીઓ માટે ૫૦૦૦ ફૂટ રેલીંગ બનાવી ૮ ભાગોમાં વહેંચી દેવાઈ છે. પ્રત્યેક વ્યક્તિ સરળતાથી મંદિરમાં ઉમિયા મા ના દર્શન કરી શકે તે માટે ૧૬૦૦ જેટલા સ્વયંસેવકો રાતદિવસ ખડેપગે રહેશે જ્યારે વિકલાંગો માટે વ્હીલ ચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.





### ભક્તો માટે દોઢ લાખ કરોડ લીટર પાણીની વ્યવસ્થા

ઊંઝા ઉમિયાનગરી ખાતે લક્ષચંડી મહાયજ્ઞ શરૂ થયો છે. આ મહાયજ્ઞ ૨૨ ડિસેમ્બર સુધી ચાલશે. ઊંઝામાં પધારનાર શ્રદ્ધાળુઓને પાણી પૂરી પાડવાની જવાબદારી પાણી પુરવઠા કમિટીના શિરે છે. સમગ્ર મહોત્સવ દરમિયાન લગભગ ૧.૫ લાખ કરોડ લિટર પાણી પીવા અને વપરાશ માટે મળશે. ૨૬ વીઘા જમીનમાં કનેક્શન દ્વારા રસોડામાં પીવાનું પાણી પુરું પાડવામાં આવશે. જ્યાં જ્યા પણીના સ્ટેન્ડ છે ત્યાં પાણી પુરવઠા કમિટીના ૧૫૦ સ્વંયસેવક, ધરોઈ પાણીની પુરવઠાની ટીમના અધિકારી અને ઊંઝા નગરપાલિકાના પાણી પુરવઠાના અધિકારી કાર્યરત છે.





### ડીસાની આદર્શ સોસાયટીના બંધ મકાનમાં ચોરી

ડીસા પંથકમાં છેલ્લા અઠવાડિયાથી ઠંડીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થવાની સાથે તસ્કરો પણ સક્રિય થયા છે. તેમાં ગતરોજ જુનાડીસા ગામે ચોરી થયા બાદ ગઈકાલે ડીસાની આદર્શ સોસાયટીમાં રહેતા કુંદનબેન કનુભાઈ ભાવસાર બહારગામ ગયેલા હોઈ તેમના બંધ મકાનનું રાત્રે કોઈ અજાણ્યા ઈસમો દરવજાનું તાળું તોડી મકાનમાં પ્રવેશી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે આસપાસના પાડોશીએ તેમનું મકાન ખુલ્લું જોતા આ મામલે પોલીસને જાણ કરતા પોલિસ દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી જો કે મકાન માલિક બહાર ગામ હોઈ કેટલી ચોરી થઈ તે જાણી શકાયું નથી.

## મોડાસા શહેરમાં પી.એન.જી. ગેસ પાઈપલાઈનના કોન્ટ્રાકટરે શહેરના માર્ગો આડેધડ ખોદી નાખતા નગરપાલિકા તંત્ર હરકતમાં

મોડાસા, તા. ૧૮

મોડાસા શહેરમાં વિકાસના કામોના નામે સતત ખોદકામ ચાલુ રહેતા નગરજનો ભારે હાલાકી અનુભવી રહ્યા છે. શહેરીજનોને ઘરે ઘરે પાઈપ નેચરલ ગેસ ઉપલબદ્ધ કરાવવાની કામગીરી કરનાર સાબરમતી ગેસ એજન્સીના કોન્ટ્રાકટરે શહેરના માર્ગોની બાજુમાં ખાડા ખોદી કામગીરી કર્યા પછી યોગ્ય રીતે સમારકામ ન કરતાં શહેરીજનોમાં વિરોધના સુર ઉઠતા નગરપાલિકાને લેખિતમાં રજુઆત કરતાં નાગરપલિકા તંત્ર હરકતમાં આવી સાબરમતી ગેસ એજન્સીના કોન્ટ્રાન્ટરને ખોદેલા ખાડાઓ પર યોગ્ય સમારકામ કરવાની તાકીદ કરી છે.

અરવલ્લી જિલ્લાની જનતાને ઘેરઘેર પાઈપલાઈનથી ગેસ મળે તે હેતુથી પાઈપલાઈનથી ગેસ મળે તે હેતુથી ગેસ મળે તે હેતુથી પાઈપલાઈન નાંખવાનું કામ તો ચાલી રહ્યું છે. જોકે આ કામથી શહેરીજનોને હાલાકી પડી રહી હોવાની ફરિયાદો ઉઠી છે.



મોડાસા નગરપાલિકાને ફરિયાદ મળી છે કે સાબરમતી ગેસ પાઈપલાઈન નાખતા કોન્ટ્રાક્ટરો સમારકામ પૂર્ણ કરતા નથી, જેથી માટી રસ્તા પર ફેલાય છે.

કેટલીક જગ્યાએ તો ઠેર ઠેર ખાડા તો કરે છે પણ આ ખાડા પૂર્યા બાદ તેના પર આર.સી.સી. રોડ બન્યા બાદ પાઈપલાઈન નાખવા માટે જે ખાડા ખોદવામાં આવ્યા હતા, તેના પર સિમેન્ટથી પ્લાસ્ટર કરવામાં નથી આવ્યું, જેથી નવા રોડ તૂટી જવાની ઘટનાઓ પણ બની જવાની ઘટનાઓ પણ બની છે. મોડાસા નગરપાલિકા પ્રમુખના જણાવ્યા અનુસાર નગરજનોને કોઈ તકલીફ ન પડે તે હેતુથી સાબરમતી ગેસ પાઈપલાઈનને મંજૂરી આપી હતી, પણ હવે લોકોની ફરિયાદ ઉઠતા નગરપાલિકા તંત્ર હરકતમાં આવ્યું છે. આ સમગ્ર મામલે કોન્ટ્રાક્ટરો અને સાબરમતી ગેસ દ્વારા જો કોઈ કાર્યવાહી નહીં કરવામાં આવે તો નગરપાલિકા ઉચ્ચ કક્ષાએ જાણ કરી ગેસ એજન્સી વિરુદ્ધ કાર્યવાહી કરવાનો તખ્તો તૈયાર કરી દીધો છે.

## પાલનપુરમાં થેલીને ચેકો મારી બે લાખની ચોરી

### ગૃહસ્થ તેમની માતાની સારવાર કરાવવા માટે દેના બેંકમાંથી નાણાં ઉપાડ્યા હતા

પાલનપુર

પાલનપુરના એક ગૃહસ્થે તેમની માતાની સારવાર માટે દેનાબેંકમાંથી રૂપિયા પાંચ લાખ ઉપાડ્યા હતા. જે નાણાં લઈને ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ ગઠિયો થેલીને ચેકો મારી રૂપિયા બે લાખની ચોરી કરી હતી. આ અંગે તેમણે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરમાં બનેલી ઘટનાની વિગતો એવી છે કે, સત્યમપાર્ક સોસાયટી ખાતે રહેતા શૈલેષભાઈ હરગોવનભાઈ ભેડાના માતા બિમાર હોવાથી તેણીની સારવાર કરાવવા માટે દેનાબેંકમાંથી રૂપિયા ૫ લાખ ઉપાડયા હતા. જે એક થેલીમાં મુકીને ઘરે જવા નીકળ્યા હતા. દરમિયાન તેમના પિતાની પૂણ્યતિથિ હોવાથી ગુરૂનાનક ચોકમાંથી ફૂલહાર લઈ ઘરે પહોચ્યા હતા. જ્યાં જોતા થેલીને ચેકો મારેલો હતો. અને અંદર રૂપિયા બે લાખ ઓછા હતા. આમ, કોઈ અજાણ્યો શખ્સ થેલીને ચેકો મારી નાણાંની ચોરી કરી ગયો હતો. આ અંગે તેમણે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજ મોદી સમાજનું ગૌરવ



અમદાવાદ ખાતે સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ ઉજવ્યો હતો. જેમાં સંગઠનના હોદેદારોની નિમણુંક કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. જેમાં પ્રાંતિજના સોનલબેન મોદીની ઉત્તર ગુજરાતના સહમંત્રી તરીકે નિમણૂક કરવામાં આવ્યા હતા.

સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટનું નુતન વર્ષ સ્નેહ શંમેલન સિલ્વર ઓફ યુનિવર્સીટી ગોતા અમદાવાદ ખાતે યોજાયું હતું. જેમાં સમાજના પ્રમુખ સોમાભાઈ દામોદરદાસ મોદી સંસ્થાના કાર્યકારી પ્રમુખ અને સુરત પશ્ચિમના ધારાસભ્ય પુરણેશભાઈ મોદી , સંસ્થાના મહા મંત્રી હસમુખભાઈ મોદી સહિતના પદાઅધિકારીઓ મહેમાનો સમાજના આગેવાનો સહિત મોદી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવા વર્ષની એક બીજાને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

### મોડાસા-નવા એસટી બસની મહિલા કંડકટરને

## બસમાં ખૂલ્લેઆમ હેરાન કરતાં રોમિયોને ૧૮૧ અભયમને સોંપાયો

મોડાસા, તા. ૧૮

હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે મહિલા સશક્તિકરણ અને મહિલા પુરુષ સમોવડી બને તેના ભાગરૂપે મહિલાઓને એસ.ટી. બસમાં રોજગારી મળે તે હેતુથી નિગમને મહિલા કંડક્ટરની ભરતી કરવામાં આવી હતી. મહિલા કંડક્ટર તરીકે સમગ્ર ગુજરાતમાં મહિલાઓ ફરજ દરમિયાન અધિકારીઓ, કર્મચારીઓ અને મુસાફરોની બદ દાનતનો ભોગ બનતી હોવાના અનેક કિસ્સાઓ ભૂતકાળમાં બહાર આવ્યા છે. મહિલા કંડકટરની કેટલાક હલકી મનોવૃત્તિ ધરાવતા મુસાફરો છેડતી અને પજવણી કરતાં ખચકાતા નથી. આવીજ એક ઘટનામાં મોડાસા એસટી ડેપોમાં ફરજ બજાવતી મહિલા કંડક્ટર ભોગ બનતા બસમાં ફરજ દરમિયાન ખુલ્લેઆમ એક રોમિયો વારંવાર પજવણી કરતાં કંટાળી ૧૮૧ અભયમ ટીમની મદદથી રોમિયોને સબક શીખવાડી માફીપત્ર લખાવી જવા દીધો હતો.



બળાત્કાર અને છેડતીની ઘટનાઓ દિવસેને દિવસે રાજ્યમાં વધી રહી છે. લાગે છે કે લોકોમાં કાયદાને લઈ કોઈ પણ પ્રકારનો ડર નથી રહ્યો. મોડાસા એસટી ડેપોની મોડાસા-નવા બસમાં ફરજ બજાવતા મહિલા કંડકટરને છેલ્લા કેટલાક સમયથી ઈટાડી ગામનો એક યુવક બસમાં મુસાફરી દરમિયાન મહિલા કંડકટરની પજવણી કરતાં યુવકની હરકતોથી તંગ આવી જતા મહિલા કંડકટરે રોમિયોને સબક શીખવાડવા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ લેતા ૧૮૧ અભયમ ટિમ પોલીસકર્મી સાથે લીંભોઈ તળાવ નજીક પહોંચતા મહિલા કંડકટરે બસ થોભાવી બસમાં મુસાફરી કરી રહેલા રોમિયોને ૧૮૧ અભયમ ટીમને સોંપતા ૧૮૧ અભયમ ટીમને પોલીસકર્મી સાથે જોતા જ લંપટ રોમિયોના મોતિયા મરી ગયા હતા અને આજીજી કરવા લાગ્યો હતો. લોકોના ટોળેટોળા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મહિલા કંડકટરે લંપટ યુવક પર દયા ખાઈ માફીપત્ર લખાવી જવા દીધો હતો. ૧૮૧ અભયમની ટીમે પણ રોમિયોને બરોબર ઠંઠોરી મહિલા કંડક્ટરે માફીપત્ર લખાવી લેતા કાયદાકીય કાર્યવાહી કરવાની ટાળી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

બસમાં મહિલા કંડકટરની છેડતી કરનાર આવા અસામાજિક અને આવારા તત્વો સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની હતી. મોડાસા-નવા બસ ઈટાડી-લીંભોઈના આજુબાજુમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે ઉપયોગ કરતાં હોવાથી વાલીઓમાં પણ મોટા પ્રમાણમાં રોષ ફેલાયો છે.

## વડગામ તાલુકાના માલોસણા પ્રાથમિક શાળાના આચાર્યની બદલી ન કરવા ગ્રામજનોની કલેકટરને રજૂઆત

### જિલ્લા શિક્ષણ શાખા તેમજ જિલ્લા પ્રમુખને લેખિતમાં રજુઆત કરાઇ

વડગામ,

વડગામ તાલુકાના માલોસણા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા શિક્ષકની બદલી નીતિનભાઈ પટેલ ની શિક્ષણ વિભાગ દ્વારા વહીવટી બદલી કરતાં ગ્રામજનો શિક્ષણ વિભાગ સામે લાલઘુમ બન્યા છે અને આ શિક્ષકની બદલી ન કરવા ગામના જિલ્લા મથક પાલનપુર દોડી જઈ ને કલેકટર, ડી.ડી.ઓ, શિક્ષણ શાખા તેમજ જિલ્લા પ્રમુખ ને આવેદનપત્ર આપીને માલોસણા શાળાના આચાર્ય ની બદલી ન



શિક્ષણ વિભાગ દ્વારા કરાતા માલોસણા ગામના લોકો દ્વારા આ શાળાના આચાર્ય ની બદલી ન કરવા જિલ્લા કક્ષાએ લેખિતમાં રજૂઆત કરીને બદલીને બંધ રાખવા માંગ કરવામાં આવી છે.

માલોસણા પ્રાથમિક શાળા માં આચાર્ય તરીકે ફરજ બજાવતા સરપંચ સુરેખાબેન. રોઝ, ગામના સામાજિક યુવા અગ્રણી બાબુભાઈ. રોઝ, વડગામ માર્કેટયાર્ડના ડીરેકટર વિરજીભાઈ એફ. ચૌધરી, તેમજ માલોસણા ગ્રામ પંચાયત ના સદસ્યો, તથા એસ.એમ.સી ના સભ્યો મળીને ગ્રામજનો સાથે કરવા ઉગ્ર માંગ કરી હતી. તેમ છતાં જો વહીવટી તંત્ર દ્વારા આચાર્ય ની બદલી કરાશે તો ગ્રામજનો દ્વારા ના છુટકે ગાંધી ચિંધ્યાના માર્ગે આંદોલન છેડીને શાળાને તાળાં બંદી તેમજ ધરણાં કરવા જેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકેનો હવાલો સંભાળતા સી. જે. પટેલ

હિંમતનગર, તા. ૧૮

નિયામકશ્રી શ્રમ(ડાયરકેટર ઓફ લેબર), ગાંધીનગર સી.જે.પટેલ (આઈએએસ)ની બદલી થતા સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકે નિમણૂંક થતાં સી.જે. પટેલે. મંગળવારના રોજ સાબરકાંઠા જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ તરીકેનો હવાલો સંભાળી લીધો છે.



વર્ષ ૨૦૦૭માં ભારતીય વહિવટી સનદી સેવા સંવર્ગની (આઈએએસ) સેવાઓમાં કાર્યરત છે. મોરબી જિલ્લાના રંગપર ગામના તેઓ વતની છે અને શૈક્ષણિક લાયકાતમાં તેઓ બી.ઈ. સીવીલની પદવી ધરાવે છે. ભારતીય વહિવટી સેવામાં જોડાઈને પ્રથમ કચ્છ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે સુપેરે ફરજ બજાવી ચુક્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે કચ્છ જિલ્લાના કાર્યકાળ દરમિયાન જિલ્લાના વિકાસ અને પ્રજાકિય પ્રશ્નો ઉકેલવામાં સી.જે. પટેલે બહુવિધ પ્રકારની કામગીરી સરાહનીય રહી છે.

સ્વભાવે સરળ અને સાલસ, સંવેદનશીલ જિલ્લા કલેકટર સી.જે. પટેલ સામાન્ય લોકોનો પ્રશ્નો ઉકેલવા હંમેશા તત્પરાતા દાખવે છે. તેમના વહિવટી અનુભવનો લાભ જિલ્લાની પ્રજાને મળશે.

## હિંમતનગરની ભાવના સોસાયટીમાંથી બાઈક ચોરાયું

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ ભાવના સોસાયટીમાંથી બાર દિવસ અગાઉ અજાણ્યો શખ્સ રૂ. ૫૦ હજારની કિંમતના બાઈક નંબર જીજે-૦૯-ડીડી-૦૧૦૪ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન મળતા ભાવના સોસાયટીના ૧૧ નંબરના મકાનમાં રહેતા ધવલ જયંતીલાલ પટેલે મંગળવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસસ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

## પાલનપુરની ખાનગી નર્સિંગ કોલેજના સંચાલક દ્વારા ૬૦ છાત્રાઓ સાથે છેતરપીંડી

### શિષ્યવૃતિના ૫૪,૦૦૦ ચાઉ કરી જતાં પોલીસ મથકે ફરિયાદ

પાલનપુર

પાલનપુરમાં ખાનગી નર્સિંગ કોર્ષ ચલાવતાં શખ્સે કોલેજમાં અભ્યાસ કરતી સાઈઠ આદિવાસી છાત્રાઓની શિષ્યવૃતિ ચાઉ કરી તેમજ બેંગલોર ખાતે પરીક્ષાની ફી ન ભરી છેતરપીંડી કરતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે છાત્રાએ પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે સંચાલકની સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરની ખાનગી નર્સિંગ કોલેજના સંચાલકે વિદ્યાર્થીનીઓની શિષ્યવૃતિ હડપ કરી તેમના ભવિષ્ય સાથે પણ ચેડા કરતા આદિવાસી પરિવારોની દીકરીઓનું ભાવિ અંધકારમય બન્યું છે. પાલનપુરમાં ચકચારી બનેલા ઠગાઈના કિસ્સાની વિગતો એવી છે કે, શહેરના વર્ધમાન શોપિંગ સેન્ટર માં આવેલ ઈ. એલ. એમ. સી નર્સિંગ કોલેજમાં ૫૦ થી વધુ આદિવાસી વિદ્યાર્થીનીઓ એ પોતાના ઓરીજનલ એલ. સી, માર્કશીટ, સહિતના ડોક્યુમેટ રજૂ કરીને જનરલ મીડ ફાઈવટીના ત્રણ વર્ષના કોર્ષ માટે વાર્ષિક રૂ.૩૫ હજાર ભરીને એડમીશન મેળવ્યું હતું જેમાં સંસ્થાના સંચાલક નરેશ બોચિયાએ વિદ્યાર્થીનીઓને મળતી શિષ્યવૃતિની રકમ રૂપિયા ૫૪,૦૦૦ ચાઉં કર્યા હતા. તેમજ બેંગ્લોર ખાતે યોજાનાર નર્સિંગની પરીક્ષાની ફી જમા ન કરાવીને તેમના ભવિષ્ય સાથે પણ ચેડા કર્યા હતા. આ અંગે મૂળ દાંતા તાલુકાના રાણીકા ગામની વિદ્યાર્થીની જયાબેન દિલીપભાઈ તરાલે નર્સિંગ કોલેજના સંચાલક નરેશભાઈ દલાભાઈ બોચીયા વિરુદ્ધ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.